For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ખ્યાતિ કેજરીવાલ આપઘાત કેસમાં પોલીસની ભૂમિકા પર શંકા

ખ્યાતિના માતા પિતા નિવેદન લેવાયા

મોબાઈલ ફોન બે કલાક ચેક કર્યા બાદ એફ એસ એલમાં મોકલાયો

IPS અધિકારીઓ અને દિગ્ગજ નેતાઓ સાથે પારિવારિક સંબંધો

કેજરીવાલ પરિવાર ગુજરાતભરમાં યાર્ન બિઝનેસ માટે જાણીતો છે. અભિષેક અને ખ્યાતિના લગ્નમાં પોલીસના સિનિયર IPS અધિકારીઓ, ઇન્કમટેક્સના ઉચ્ચ અધિકારીઓ, રાજકીય નેતાઓ અને શહેરના મોટા કાપડ ઉદ્યોગપતિઓએ હાજરી આપી હતી. પોલીસ વિભાગ સાથે આ પરિવારના અત્યંત નજીકના સંબંધો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ભૂતકાળમાં શહેરના પૂર્વ પોલીસ કમિશનર પણ કેજરીવાલ પરિવારના એક કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત કરતા જોવા મળ્યા હતા.

સુરત: શહેરના ચકચારી ખ્યાતિ કેજરીવાલ આપઘાત કેસમાં જેમ જેમ તપાસ આગળ વધી રહી છે, તેમ તેમ પોલીસની કામગીરી અને ઘટનાની કડીઓ વધુ શંકાસ્પદ બની રહી છે. લગ્નના માત્ર બે જ મહિનામાં એક લક્ષાધિપતિ ઉદ્યોગપતિની દીકરી ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવે, તે વાત જ અનેક તર્ક-વિતર્ક પેદા કરી રહી છે. આ મામલે પોલીસે ખ્યાતિના માતા પિતાના નિવેદન લીધા છે અન્ય વધુના નિવેદન લેવાની

...અનુસંધાન પાના 5 પર

વકીલો-બિલ્ડરોના કરોડો લઈ સ્ટેમ્પવેન્ડર ફરાર

સ્ટેમ્પ ખરીદી માટે લેવાયેલા નાણાં સટ્ટામાં વાપર્યા હોવાનો આક્ષેપ

અંદાજે ૧૭થી ૨૦ કરોડ રૂપિયાનો ગોટાળો, ચાર દિવસથી લાપતા !

સુરત: શહેરમાં એક જાણીતા સ્ટેમ્પ વેન્ડર દ્વારા કરોડો રૂપિયાના કૌભાંડને અંજામ આપ્યાની ચકચાર મચી છે. વકીલો અને બિલ્ડર લોબી પાસેથી સ્ટેમ્પ ખરીદી માટે લેવામાં આવેલી મોટી રકમનો ગપચાવી સ્ટેમ્પ વેનડર ગાયબ થઈ ગયો છે. પ્રાથમિક માહિતી મુજબ આ રકમ અંદાજે ૧૭ થી ૨૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે.

માહિતી મુજબ, સ્ટેમ્પ વેન્ડર તરીકે કામ કરનાર હિમાંશુ ઉર્ફે વાસુ કિરીટ વિવિધ ક્લાયન્ટો પાસેથી સ્ટેમ્પ ખરીદી માટે નાણાં એકત્ર કર્યા હતા. પરંતુ આ નાણાં સ્ટેમ્પ ખરીદવા બદલે સટ્ટામાં રોકાણ કર્યાં હોવાનો આક્ષેપ છે. નુકસાન થતાં આરોપીએ ક્લાયન્ટોને "પૈસા નથી, જે થાય તે કરી લો" એવો જવાબ આપ્યો હતો અને ત્યારબાદ પોતાની ઓફિસ તથા રહેઠાણ પર તાળા મારી ફરાર થઈ ગયો હોવાનું કહેવામાં આવે છે. આ કેસમાં મોટા પ્રમાણમાં વકીલો,

...અનુસંધાન પાના 5 પર

સ્ટેમ્પ વેન્ડરનું લાયસન્સ સલોની નામની મહિલાના નામે ?

માહિતી મુજબ, આ સ્ટેમ્પ વેન્ડરના પિતા વર્ષ ૨૦૦૮ સુધી સ્ટેમ્પ વેન્ડર તરીકે કાર્યરત હતા અને ત્યારબાદ હિમાંશુ ઉર્ફે વાસુએ આ વ્યવસાય સંભાળ્યો હતો. સ્ટેમ્પ વેન્ડરનું લાયસન્સ સલોનીના નામે હોવાનું જાણવા મળે છે. આરોપી શહેરના બહુમાળી ઇમારતમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ઓફિસ ચલાવતો હતો અને રાંદેર વિસ્તારમાં રહેતો હોવાનું જણાવાય છે.

આ લોકોની સામે પોલીસમાં અરજી કરાઈ છે

આ સમગ્ર મામલે રામકૃષ્ણ, સલોની, હિમાંશુ ઉર્ફે વાસુ કિરીટ , મિનાક્ષી અને હિરલ સહિતના લોકો સામે પોલીસમાં અરજી કરવામાં આવી છે.

પીપોદરા કેનાલમાં મુસાફરો સાથે રિક્ષા ખાબકતાં ચાલકનું મોત

ચાર મુસાફરોને ઇજા પહોંચી

સુરતઃ પીપોદરા ખાતે મજૂરી કામ કરીને ઘરે પરત આવતી વખતે ડ્રાઈવર સહિત છ લોકોથી ભરેલી રિક્ષા પીપોદરા કેનાલમાં પલટી ગઈ હતી. સર્જાયેલા અકસ્માતમાં કેનાલના પાણીમાં ડૂબી ગયેલા યુવાનનો મૃતદેહ બીજા દિવસે સરોલી નહેરમાંથી મળી આવ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના વતની સરદાર રાયલાભાઈ પટેલ (41 વર્ષ) હાલ નાનાવરાછા ઘનશ્યામનગર સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે મજૂરી

...અનુસંધાન પાના 5 પર

ઇજાગ્રસ્તના નામ

(1)પ્રવીણ ચતુર બારીયા
(2) સરદાર પ્રતાપ પટેલ
(3) દશરથ બળવંત બારીયા
(4) અલ્પેશ રમેશ ગુજરાતી
(5) રિક્ષા ચાલક

ગેસ સિલિન્ડરની અછતનો લાભ લેવા ગઠિયાનો કિમીયો

સસ્તા ગેસ સિલિન્ડરના નામે ઠગાઈ કરનાર ઝડપાયો

રીલ્સ જોઈ વેપારીઓના નંબર મેળવતો અને ક્યુઆર કોડથી નાણાં પડાવતો હતો

કેવલ તેજાણી સિલિન્ડરની તંગીનો લાભ લેવા હોટલ-રેસ્ટોરન્ટના માલિકોને ફસાવતો હતો

સુરતઃસોશિયલ મીડિયા પર હોટલ અને રેસ્ટોરન્ટની લોકપ્રિય રીલ્સ જોઈ, તેમાંથી વેપારીઓના સંપર્ક નંબર મેળવી સસ્તા ભાવે ગેસ આપવાના બહાને છેતરપિંડી આચરતા રીઢા ગુનેગારને સરથાણા પોલીસે દબોચી લીધો છે. પકડાયેલા આરોપી વિરુદ્ધ અગાઉ પણ વરાછા અને કાપોદ્રા પોલીસ મથકમાં છેતરપિંડીના અડધો ડઝન ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું બહાર આવ્યું છે.

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કૃત્રિમ અછત જેવી સ્થિતિ સર્જાઈ છે. આ કપરી પરિસ્થિતિમાં હોટલ અને રેસ્ટોરન્ટ સંચાલકો મોંઘા ભાવે ગેસ ખરીદવા મજબૂર બન્યા છે. લોકોની આ મજબૂરીને જ ગઠિયાઓએ હથિયાર બનાવ્યું હતું. સરથાણા પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.એસ. કોરાટની સૂચના મુજબ સર્વેલન્સ સ્ટાફ જ્યારે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસની મદદથી તપાસમાં હતો, ત્યારે બાતમીના આધારે વરાછા, ખોડિયારનગર રોડ પર આવેલી રાધાકિષ્ના સોસાયટીમાં રહેતા કેવલ માવજીભાઈ તેજાણીને ઝડપી પાડવામાં આવ્યો હતો.પોલીસ પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે સોશિયલ મીડિયા (ઈન્સ્ટાગ્રામ/ફેસબુક) પર ખાણી-પીણીની દુકાનો અને રેસ્ટોરન્ટની વાયરલ થતી રીલ્સ જોતો હતો. આ રીલ્સમાં દેખાતા હોર્ડિંગ્સ કે બોર્ડ પરથી માલિકોના મોબાઈલ નંબર મેળવતો હતો. ત્યારબાદ વેપારીઓને ફોન કરી પોતે સસ્તા ભાવે ગેસ સિલિન્ડર અપાવી દેશે તેવી લોભામણી લાલચ આપતો હતો. વેપારીઓ વિશ્વાસમાં આવી ઓર્ડર આપે એટલે તરત જ ઓનલાઈન ક્યુઆર કોડ મોકલી પેમેન્ટ કરાવી લેતો અને નાણાં જમા થયા બાદ પોતાનો મોબાઈલ બંધ કરી ફરાર થઈ જતો હતો.ઝડપાયેલા કેવલ તેજાણીનો પ્રોફાઈલ તપાસતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ કોઈ સામાન્ય ગુનેગાર નથી, પરંતુ છેતરપિંડીની દુનિયાનો રીઢો ખેલાડી છે. તેની વિરુદ્ધ અગાઉ કાપોદ્રા અને વરાછા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના કુલ ૬ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. વારંવાર પકડાયા હોવા છતાં જેલમાંથી બહાર આવી તે ફરી આ જ રસ્તે ચઢી જતો હતો. હાલ સરથાણા પોલીસે તેની ધરપકડ કરી વધુ કેટલા વેપારીઓને તેણે શિકાર બનાવ્યા છે તે દિશામાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

અધૂરા માસે જન્મેલી મૃત બાળકીને સિવિલમાં તરછોડી દંપતી અને દાદા પલાયન

સુરત : સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં એક અત્યંત હૃદયદ્રાવક અને માનવતાને લાંછન લગાડતી ઘટના સામે આવી છે. સરથાણા વિસ્તારમાં રહેતા એક શ્રમિક દંપતીએ પોતાની નવજાત બાળકીનું સારવાર દરમિયાન મોત નીપજતા, તેના પવિત્ર દેહને હોસ્પિટલના બિછાને જ ત્યજી દઈ નાસી છૂટ્યા હતા. આ મામલે હોસ્પિટલ તંત્રની જાણ બાદ સરથાણા પોલીસે કઠોર હૃદયના માતા-પિતા અને દાદા વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૂળ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના વતની અને હાલ સરથાણામાં સેતુબંધ રેસીડેન્સી પાસે ફૂટપાથ પર રહી મજૂરીકામ કરતા પંકજભાઈ ડામોરની પત્ની રામદાબેન ગર્ભવતી હતી. ગત રોજ તેમને અસહ્ય પ્રસૂતિની પીડા ઉપડતા તાત્કાલિક યોગીચોક સ્થિત સમર્પણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રામદાબેને અધૂરા માસે એક બાળકીને જન્મ આપ્યો હતો. નવજાત બાળકીની તબિયત અત્યંત નાજુક હોવાથી ખાનગી

...અનુસંધાન પાના 5 પર

૦૦%એક્સપોર્ટ ઓરિએન્ટેડ યુનિટની આડમાં

સચિનમાં જ્વેલરી એક્સપોર્ટના નામે સરકારને કરોડોનો ચૂનો

ઓવર વેલ્યુએશન, નકલી વેલ્યુ અને હવાલા મારફતે નાણાંની હેરાફેરીનો ભાંડાફોડ

DRI શંકાસ્પદ પાર્સલ જપ્ત કરી વેલ્યુએશન પ્રક્રિયા શરૂ કરી

સુરતઃ સુરતના સચિન સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) માં જ્વેલરી એક્સપોર્ટના નામે કરોડો રૂપિયાનો હવાલા કૌભાંડ ચાલતું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. વિદેશથી પોલિશ્ડ ડાયમંડની આયાત કરી, તેના આધારે કાગળ પર ઊંચી કિંમત દર્શાવીને જ્વેલરી એક્સપોર્ટ કરવાનું બહાનું બનાવી સરકારને મોટાપાયે આર્થિક નુકસાન પહોંચાડવાનું ગોઠવાયેલું નેટવર્ક કાર્યરત હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

...અનુસંધાન પાના 5 પર

હલકી ગુણવત્તાના ડાયમંડની આયાત

વિદેશમાંથી ખૂબ જ ઓછી કિંમતના અને નબળી ગુણવત્તાવાળા પોલિશ્ડ હીરા આયાત કરવામાં આવતા હતા.સુરત વિશ્વપ્રસિદ્ધ હીરા અને જ્વેલરી ઉદ્યોગનું કેન્દ્ર માનવામાં આવે છે. આવી ગેરરીતિઓ બહાર આવતા સમગ્ર ઉદ્યોગની પ્રતિષ્ઠા પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. વિશ્વ બજારમાં વિશ્વસનીયતા જાળવવા માટે સખત કાર્યવાહી જરૂરી હોવાનું ઉદ્યોગજગતના જાણકારો માની રહ્યા છે. સુરત ડીઆરઆઈના સૂત્રોના જણાવ્યા મુજબ"આયાત કરેલા હીરાને કાગળ પર ઘણી ઊંચી કિંમતના બતાવીને તેમાંથી કિંમતી જ્વેલરી બનાવ્યાનો દાવો કરવામાં આવતો હતો.આ કૃત્રિમ રીતે વધારેલી કિંમતના આધારે વિદેશમાં મોટી રકમ ટ્રાન્સફર કરવામાં આવતી હતી, જેમાં હવાલા નેટવર્કનો ઉપયોગ થતો હતો.

તપાસમાં મોટો ખુલાસો થવાની શક્યતા

સુરત DRI સૂત્રોના જણાવ્યા મુજબ, અંદાજે દસ દિવસ અગાઉ DRI દ્વારા સચિન SEZમાંથી જ્વેલરીના કેટલાક શંકાસ્પદ પાર્સલ જપ્ત કરવામાં આવ્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કાગળ પર દર્શાવાયેલી જ્વેલરીની ગુણવત્તા અને વાસ્તવિક પાર્સલમાં રહેલી જ્વેલરી વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો છે. પાર્સલમાં અત્યંત હલકી કક્ષાના હીરાનો ઉપયોગ કરાયો હોવાનું સામે આવ્યું છે.સત્તાવાર વેલ્યુએશન શરૂ - વધુ ખુલાસાની શક્યતા છે.હાલ DRI દ્વારા જપ્ત કરાયેલા તમામ પાર્સલનું સત્તાવાર મૂલ્યાંકન (વેલ્યુએશન) કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કૌભાંડનું વાસ્તવિક કદ અને તેમાં સંકળાયેલા લોકો વિશે વધુ મહત્વપૂર્ણ વિગતો બહાર આવવાની શક્યતા છે.

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

॥ ઓમ શાંતિ ॥
સ્વ. નરેન્દ્ર રતીલાલ કડીવાલા
સ્વ.તા. ૨૪/૦૪/૨૦૨૧
લિ.
ધર્મિષ્ઠા નરેન્દ્ર કડીવાલા
ગૌરાંગ નરેન્દ્ર કડીવાલા | રજનીકાંત રતીલાલ કડીવાલા
તન્વી ગૌરાંગ કડીવાલા | વિણા રજનીકાંત કડીવાલા
રાધિકા કડીવાલા | રવિન્દ્ર રતીલાલ કડીવાલા
અંકુર ગુપ્તા | રેશ્મા રવિન્દ્ર કડીવાલા
પ્રિતિ કૌશિક સિંગાપુરી | વૈભવી મયુર ધમણવાલા
રોમીલ કૌશિક સિંગાપુરી | મુકુન્દ રજનીકાંત કડીવાલા
મિરાંશ ગૌરાંગ કડીવાલા

શ્રી સુરતી મોઢ વણિક અવસાન - પ્રાર્થનાસભા

સ્વ. વર્ષા મુકેશ ગાંધી
સ્વ. તા. ૨૩/૦૪/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની / અમારા સ્નેહીશ્રી અ.સૌ. વર્ષા મુકેશ ગાંધી (ઉ. વ. ૬૨) નું ગુરૂવાર તા. ૨૩/૦૪/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થનાસભા આજ રોજ શુક્રવાર તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન B.P.A.H. હોલ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત ખાતે રાખેલ છે.
મુકેશ ચંદ્રકાંત ગાંધી
સ્વ. ચંદ્રકાંત છોટાલાલ ગાંધી | સ્વ. ચંપાબેન ચંદ્રકાંત ગાંધી
મૌલિક મુકેશ ગાંધી | ડૉ. ખુશ્બુ મૌલિક ગાંધી
ડૉ. તેજસ મુકેશ ગાંધી | ડૉ. રુચીતા તેજસ ગાંધી
જયેશ ચંદ્રકાંત ગાંધી | યામિની જયેશ ગાંધી
રાજેશકુમાર વી. શ્રોફ | શીલા રાજેશકુમાર શ્રોફ
પ્રદિપકુમાર ટી. સુરતવાલા | કાશ્મીરા પ્રદિપકુમાર સુરતવાલા
મિલન ડી. ચોકસી | ડાયના મિલન ચોકસી
મિહીર જયેશ ગાંધી | ઝંકૃતિ મિહીર ગાંધી
અક્ષરા — વેદા — નૈત્રી — અનન્યા — યુવાન
Shraddha Creations, Hojiwala, SURAT.

દુઃખદ અવસાન / પ્રાર્થના સભા

સ્વ.પુષ્પાબેન પ્રમોદચંદ્ર રાંદેરીયા
સ્વ.તા. ૨૩-૦૪-૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા માતૃશ્રી પુષ્પાબેન પ્રમોદચંદ્ર રાંદેરીયા (ઉ.વ.૮૬)નું તા.૨૩-૦૪-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા શુક્રવાર તા.૨૪-૦૪-૨૦૨૬ ના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : એસ.વી.પી.ગેસ્ટહાઉસ, મહીડા ભવનની બાજુમાં, પીપલોદ, સુરત - ૩૯૫ ૦૦૭.
લિ.
પરિમલ પ્રમોદચંદ્ર રાંદેરીયા | ભાવના પરિમલ રાંદેરીયા
દિવ્યાંગ પ્રમોદચંદ્ર રાંદેરીયા | શાલિની દિવ્યાંગ રાંદેરીયા
મેહુલકુમાર ઈન્દ્રવદન પરીખ | અનિષા મેહુલકુમાર પરીખ
રાજેન્દ્ર પુનેમચંદ લાલવાલા | જ્યોતિ રાજેન્દ્ર લાલવાલા
માધવ પરિમલ રાંદેરીયા | મનસ્વી માધવ રાંદેરીયા
આકાશ હરીભાઈ ગોયાની | અવનિ આકાશ ગોયાની
રૂદ્રાંશ - તનીષ તથા સમસ્ત રાંદેરીયા પરિવાર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. ધનુબેન કાંતિભાઈ પટેલ
જન્મ તા. ૨૪/૧૦/૧૯૫૨
સ્વ. તા.૨૪/૦૪/૨૦૨૫
માડી તું તો છે મહામૂલી મમતાની મૂરત, સંતાનના સોહામણા સોડલાની સૂરત,
તારા વાત્સલ્યની ધારા વહેતી અવિરત, ના જુવે કદી ચોઘડિયું ના કદી કોઈ મુહૂર્ત
માડી તારી મમતામાં ના મળે મિલાવટ, ના તારા વાત્સલ્ય વહેણમાં કોઈ રુકાવટ,
માડી તારા ખોળામાં ઉતરી જાય બધી થકાવટ, ઈશ્વરની ઈશ્વર રૂપી માડી તું જ છે બનાવટ
માડી તને યાદ કરવાનો ના હોય કોઈ ખાસ દિવસ,
તું તો આ દિલમાં રહેવાની હર પલ હર દિન ખાસ;
આપનો શાશ્વત આત્મા સુખ પામે એવી પ્રભુને પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ.
ૐ શાંતિ..... ૐ શાંતિ.....
લિ. કાન્તિભાઈ ધનજીભાઈ પટેલ
ચંદ્રકાન્તભાઈ કાન્તિભાઈ પટેલ | આશાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ
દિનેશભાઈ કાન્તિભાઈ પટેલ | શોભીબેન દિનેશભાઈ પટેલ
મુકેશભાઈ કાન્તિભાઈ પટેલ | શેફાલીબેન મુકેશભાઈ પટેલ
માર્ટિન ચંદ્રકાન્તભાઈ પટેલ | સીમરન માર્ટિન પટેલ
હર્ષ, નીલ, એલેક્ષ, કિશ, કિપા, ટીયા તથા સમસ્ત પટેલ પરિવાર
નિવાસ સ્થાન : ગોયા સ્ટ્રીટ, વેસુગામ, સુરત.